





સવાસો કરોડની પ્રજાને ભેડિયા સમજે છે,
ને એકલા ખૂદને જ એ સવા 'શેર' સમજે છે,
સમજે છે સૌને એ પૂંછડી પટાવતા પ્રધાનો -
સમગ્ર રાષ્ટ્રને, બૌધિકો સંતો વિહીન સમજે છે.

મન ની વાત!
- નું સ્તર હતું જાણે -
બાળકો માટે..
(દૃષ્ટાંત - બોધ વાર્તા)

છે ઉમળકો!
નવી વહુની જેમ -
સાફ સૂફીનો..
(આ કરું, કે તે!!)




## ચિંતન

**આગી આંચિ સહના સુગમ, સુગમ ખડગ કી ધાર । નેહ નિબાહન એક રસ મહા કઠિન બ્યોહાર ॥**

કબીરજી આ દોહરામાં કહે છે :

આગની આંચ-જવાળાની દાઝ-પીડા હજુય સહન કરી શકાય, તલવારની ધાર પર ચાલવાનું પણ કદાચ સરળ થઇ શકે પરંતુ આપણા હૃદય અને દૃષ્ટિમાં જે ભેદભાવ છે તેને કારણે સૌ પર એક સરખો સ્નેહ-વ્યવહાર રાખવો ખૂબ કઠિન છે આપણામાં તારું-મારું આવી જ જાય છે.

સર્વ તરફનો ભેદભાવ મિટાવી સમદૃષ્ટિ-સમભાવ-સમાદર-સમત્વ કેળવવું ખૂબ જ કઠિન છે આને તાટસ્થ્ય ભાવ કહેવાય છે. ધૃતરાષ્ટ્ર જેવો રાજા પણ 'મામકા' ના લોભમાં દુર્યોધનના દુષ્કૃત્યો તરફ આંખ આડા કાન કરે છે.

સિયારામ સબ જગ જાની - પશુ-પંખી-માનવ-પ્રાણી સર્વ તરફ એક જ દૃષ્ટિ-સમાનતાના ભાવ કેળવવો ખૂબ જ કઠિન છે જીવનમાંથી તારું-મારુંનો સ્વાર્થ જાય તો જ સંત થવાય.

## સુવિચાર

- બારીમાંથી વરસાદને નિહાળવો એ ધ્યાન છે, અને એ વરસાદમાં ભિંજાવું એ યોગ છે **- વિકાસ પાટીલ**
- વંચાય એવું લખવું અને લખાય એવું જીવવું **- ફાધર વાલેસ**
- લાપરવાહી અજ્ઞાનતા કરતાં વધારે નુકશાનકારી છે **- જનકલ્યાણ**
- માતૃભાષા મારી ત્વચા છે અને અન્ય ભાષાઓ મારા વસ્ત્રો છે **- તોલ્સ્તોય**
- મુજકો કયા હક કી કીસીકો મતલબી કહું, મૈં ખૂદ હી ખુદા કો મુસીબત મેં હી યાદ કરતાં હું **- ફેસબુક**
- મનુષ્ય સ્વભાવની આ કેવી વિચિત્રતા કે એની પાસે જે છે તેમાં એને સુખ ઓછું અનુભવાય છે અને જે નથી તેમાં એને દુઃખ વધુ અનુભવાય છે **- ડો. દક્ષેસ ઠાકર**
- 'સુખ છે માટે સ્વીકારો, દુઃખ છે માટે ટાળો' એ નિયમથી જે ચાલે છે તેને માટે સુખદુઃખ માલિકનું સ્થાન લઇ એને ખાડામાં ઉતારે છે **- કાકા કાલેલકર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

ભારત ચંદ્રયાન-મંગળયાન મોકલે છે એમાં વૈજ્ઞાનિકોની સફળતા અને પરિશ્રમ હશે અને એ અભિનંદનીય પણ છે, પરંતુ આ કામ ધનિક દેશોનું છે 'પૈસા કયાં નાખવા' ની જેમને ચિંતા હોય એ આવા કામ કરે. આપણા દેશમાં કેટલાં ગરીબ-ભૂખ્યાં-ટાઢ-તડકા વેઠી ખૂલ્લા આકાશ નીચે સૂવે છે એને કરોડોના ધૂમાડા કરી ખોટી સ્પર્ધામાં પડવા જેવું નથી. આપણે તો 'મંગળ'ના લોકોના અભ્યાસ કરવા ને બદલે આપણી ધરતીની પરિસ્થિતિ પામવા 'મંગળ' પ્રયાસ કરવા જરૂરી છે.

એક ખગોળશાસ્ત્રી પૂર્ણિમાની ચાંદની રાતે આકાશનાં ચંદ્ર પર એકીટશે જોતો તેમાં પડેલા ખાડા-હરણાં-ડોશી અને રેંટીયાના વિચાર કરતો ચાલતો જતો હતો. ત્યાં મનપા એ ખોદેલી ગટ્ટરનો અધૂરો ખાડો એમનો એમ ખૂલ્લો પડ્યો હતો એમાં જઇ પટકાયો.

ખાડામાંથી બચાવો - બચાવોની બૂમો પાડી બાજુની ઝૂંપડીમાં માજી રહેતા હતા ત્યાં આવ્યા. કહ્યું હું દોરડું આપું છું એને પકડીને બહાર આવી જા!

ખગોળશાસ્ત્રી ખાડામાંથી બહાર આવ્યો. માજીએ પાણી પાઇ પુછ્યું, ભાઇ! આ ચાંદની રાતે તને આટલો મોટો ખાડો ન દેખાયો?

માજી, હું ખગોળશાસ્ત્રી છું ચાંદા-તારા-નક્ષત્રોનો અભ્યાસ કરતો ઊંચે જોતો જોતો જતો હતો.

માજી કહે જેને પોતાના પગ પાસે પડેલો ખાડો જ ન દેખાય એવાં ચંદ્ર-મંગળ-નક્ષત્રોનાં જ્ઞાન શું કામનાં?

Email - sureshchandrabhatt18@gmail.com

# ઈન્ટર કાસ્ટ મેરેજમાં કયારેક આવું પણ બને...

## સમાજ ચિંતન

**- પોપટલાલ પ્રજાપતિ**

આચાર્ય રજનીશ મહાન ફિલોસોફર હતા તેમણે એકવાર મજાકમાં કહેલું કે એક સાડી ખરીદી લીધા પછી લોકોને બીજી સાડી ગમી જાય છે. એક ગાડી પસંદ કરીને લીધી હોય છતાં બજારમાં આવતી બીજી ગાડી વધુ ગમવા લાગે છે. આ માનવ પ્રવૃત્તિ છે. જયારે લગ્ન એ તો જીવનભરનું બંધન છે એક વ્યક્તિને પરણ્યા પછી બીજી વ્યક્તિ સારી લાગે એમાં કોઇ આશ્ચર્ય નથી. માટે જ વડીલો પ્રેમ લગ્ન પ્રત્યે સુગ ધરાવે છે અને એમાંય ઇન્ટરકાસ્ટ મેરેજ (આંતર જ્ઞાતિય મેરેજ) પ્રત્યે તો ભારોભાર નફરત હોય છે. કયારેક તેઓ આ બાબતે સાચા પર પુરવાર થાય છે. સમાજમાં ઘણાં આંતરજ્ઞાતિય લગ્નો ટકી જાય છે પણ જે નથી ટકતા તે બહુ વિચિત્ર રીતે ટીકાપાત્ર બને છે. બીજા સ્ટેટના એક ડોકટરની વાત કંઇક આવી છે...

માતાપિતાની ઇચ્છા વિરૂદ્ધ દીકરાએ પોતાની જ્ઞાતિ કરતાં ઉચ્ચ જાતિની યુવતી સાથે લગ્ન કરવાનો મનસુબો કરી રાખ્યો હતો. ડોકટરી લાઇનમાં ભણતાં ભણતાં પોતાની વાક્ચાતુરી અને હોંશિયારીથી તેણે એક ઉચ્ચ જ્ઞાતિની યુવતીને મોહપાશમાં જકડી લીધી. મતલબ કે પ્રેમના વટાણા વેરી જોયા અને અવંતિકા તેના પ્રેમના બંધનમાં બંધાઇ ગઇ. બંનેની જ્ઞાતિ અલગ, રીવાજ અલગ અને પરંપરાઓ અલગ પણ આની યુવાનોને કયાં પરવા હોય છે? ડોકટરને થયું કે પરિવારમાં મારે વટ પડશે. ઊંચા ખાનદાનની કન્યા લાવ્યો છું, પરિવારને ડોકટરની પસંદગી સામે કોઇ વાંધો ન હતો, પણ કચવાટ જરૂર હતો, આ ઊંચા કુળની કન્યા આપણા સમાજમાં કેમ કરીને સેટ થઇ શકશે? પણ વાસ્તવિકતા હવે બદલી શકાય તેમ ન હતી. અને ધીરે ધીરે પરિવારની શંકા સાચી પડવા લાગી. નવા જમાના પ્રમાણે પુત્રવધુ ડ્રેસ સામે પરિવારને કોઇ વાંધો ન હતો પણ વહુ તો કયારેક શયનગૃહમાં ફક્ત પતિ સામે પહેરાતા ડ્રેસ ઘરમાં પહેરીને ફરવા લાગી કયારેક આવા ડ્રેસ જોઇ વડીલો ઘરમાં આવવાનું ટાળતા. પણ ધીમે ધીમે આ બધુ પણ એમને કોઠે પડવા લાગ્યું. કોઇ ટીકા કરે તો પણ તેમને તેનો બચાવ કરવો પડતો. પેટનાં જણ્યાનું કાંઇ ખોટું થોડું બોલાય?

ડોકટર પરિમલે (નામ બદલેલ છે) પછી તો ગુજરાતના સીમાડા વટાવી બીજા રાજયમાં દવાખાનું ખોલી કમાવા જવાનો વિચાર કર્યો. પત્ની પરિવારથી દૂર રહેવા માગતી હતી. નહિ ગામડું, નહિ શહેર એવા વિસ્તારમાં પોતાનું ક્લિનિક શરૂ કરી દીધું. રોગ પારખવાની તેની આવડત અને ખાસ તો કુદરતના આશીર્વાદથી તેનું ક્લિનિક જોતજોતામાં ખુબ જાણીતું બન્યું. બાકી બધાય ડોકટરો તો સરખું જ ભણ્યા હોય છે છતાં ( ) થયેલ ડોકટરના ક્લિનિક સુના હોય છે અને ( ) ના ત્યાં કીડીયારા ઉભરાય તેમ દર્દીઓ ઠલવાય છે. આ કુદરતનો નિયમ છે. ડોકટર પરિમલના દવાખાનામાં દર્દીઓની લાઇન લાગવા માંડી. ડોકટરનો હાથ અડે અને જાણે રોગ ભાગવા માંડે તેમનો સ્વભાવ અને દર્દીઓ પ્રત્યેની લાગણીએ તેમને એ વિસ્તારમાં અત્યંત લોકપ્રિય બનાવી દીધા. પત્ની કોઇવાર દવાખાનાની મુલાકાત લે પણ દર્દીઓ તેની પાસે ફરકવાનું નામ ન લે...




કુદરત કોઇને કયારેય સંપૂર્ણ સુખી બનાવતી નથી. લોકપ્રિયતાની ટોચે બેઠેલા ડોકટરના દાંપત્ય જીવનમાં કડવાશના બી રોપાવા લાગ્યા. પત્ની અવંતિકા (પરિવર્તિત નામ) હરવા ફરવાની શોખીન, લેટેસ્ટ ડિઝાઇનના કપડા પહેરી હીલ સ્ટેશનમાં મુક્ત મને ફરવાની તેની ખ્વાહીશ અખુરી રહેવા લાગી તે મનોમન અકળાવા લાગી પણ ડોકટરનું દવાખાનું થોડા દિવસ બંધ રહે તો લોકો કકળાટ કરી મૂકતા અને ડોકટરને દર્દીઓની સેવા કરવામાં ચાર ધામની યાત્રાનો આનંદ મળતો. સંપત્તિ વધતી ગઇ પણ તેમના દાંપત્ય જીવનમાં કકળાટ પણ વધતો ગયો. ડોકટર પરિમલ કુશળતાથી આ બધા વચ્ચે સંતુલન જાળવવા પ્રયત્ન કરતા, પણ આવા પ્રયત્નો પણ હવે શિષ્ય જવા લાગ્યા. નશીબનું ચક્કર જાણે હવે અવળી ગતિ કરવા લાગ્યું અને બોડી ચેક અપમાં રીપોર્ટ બ્લડ કેન્સરનો આવ્યો. બીજાનો રોગ ભગાડનાર ખુદ રોગનો શિકાર બન્યા. રોગ અંતિમ તબક્કામાં હતો પણ ડોકટરને તેની પરવા ન હતી પોતાના આરોગ્ય કરતાં ગરીબ દર્દીઓની તેમને વધારે ચિંતા હતી... પત્ની અવંતિકાને તો પરિમલની આ વૃત્તિ જરાય પસંદ ન હતી. વળી પરિમલના પરિવારના કોઇ પણ પ્રસંગમાં તે કયારેય જતી નહિ કે કોઇની સાથે ઇલેક્ટ્રોનિક મીડિયા દ્વારા પણ સંબંધો રાખ્યા નહોતા. સાસુ-સસરા કોઇ વાર દીકરાને ત્યાં આવી રહેવાની ઇચ્છા વ્યકત્ કરે તો અવંતિકા સાફ ઇન્કાર કરી દેતી. પોતે ઉચ્ચ કુળની છે તેવી રાઇ તેના મગજમાં ઠાંસી ઠાંસીને ભરાઇ ગઇ હતી. આવા સામાન્ય લોકો સાથે હું સેટ ન થઇ શકું એવું હવે પરિવારને મોઢામોઢ કહેવા લાગી.... પરિમલ અકળાતો, ગુસ્સે થતો, કોઇ વાર પત્ની સાથે આ બાબતે ઝઘડી પણ લેતો, પણ પત્નીને આવી કોઇ પરવા ન હતી... એને પોતાની જીંદગી પોતાની રીતે માણવી હતી...

સમય વીતતો ગયો, કેન્સર ખતરાની ઘંટડીઓ વગાડવા લાગ્યું અને એક દિવસ દર્દીને તપાસતાં તપાસતાં જ ડોકટર ખુરશીમાં જ ઢળી પડ્યા. ડોકટરે દેહ છોડી દીધો આખા ગામમાં વાત વાયુ વેગે ફેલાઇ. લોકોના ટોળેટોળા અજ્ઞાત લાગણીના સંબંધે એકઠા થવા લાગ્યા. સૌની આંખમાં આંસુ હતા... આપણો તારણહાર ગયો, આપણો ભગવાન જતો રહ્યો... ડોકટર પરિમલની અંતિમ યાત્રા નીકળી ત્યારે આખું ગામ હિબકે ચઢ્યું હતું. કેટલાકના ગળે ડુમો ભરાઇ ગયો કેટલાક માથા કુટવા લાગ્યા. કોઇ વાર દવાના પૈસા ન હોય તોય લોકો બેધડક દવાખાને દોડી આવતા... પણ અવંતિકાનું તો રૂંવાડુંય ફરક્યું નહિ, તેની આંખનો એકાદ ખૂણો પણ ભીનો ન થયો દીકરો હૈયાફાટ રૂદન કરતો તેને છાનો રાખવા તે કોશિશ કરતી. લોકોને લાગ્યું, બહેનને આઘાત લાગ્યો છે તેમાં તે રહી નથી શકતા કે નથી બોલી શકતા. પણ જયારે ડો. પરિમલની નનામી નીકળી ત્યારે અવંતિકા એ.સી. રૂમમાં બેસી આરામ ફરમાવતી હતી. જેને ડોકટર સાથે કોઇ કૌટુંબિક સંબંધ ન હતો તેઓ પણ કાળા સાડલા પહેરી શોક વ્યક્ત કરવા આવી પહોચ્યા. પણ અવંતિકા એ જીન્સનું પેન્ટ અને ટીશર્ટ પહેરેલું, હા તેણે મર્યાદા રાખેલી પેન્ટ કાળુ હતું, શર્ટ સફેદ હતું. આખરે તો તે તેનો પ્રેમી હતોને?

વતનમાં બીજા દિવસે ખબર પડતાં પરિવાર જનો દોડી આવ્યા... અવંતિકા અને પૌત્રને લેવા... વતનમાં અંતિમ ક્રિયા, બેસણું વિગેરે રાખવા પડે. એકનો એક દીકરો યુવાન વયે ફાટી પડ્યો હતો, કુટુંબમાં હાહાકાર ફેલાયો હતો. બેસણાના દીવસે આંગણામાં સફેદ મંડપ રોપાયો. સફેદ ગાદલા પથરાયા... ધીમા સાદે "ત્ર્યંબક્રમ યજામહે સુગંધિમ્ પુષ્ટિ વર્ધનમ્..."નો મંત્રોચ્ચાર ચાલુ હતો. પરિવારની બહેનો સફેદ સાડલા પહેરી દીકરાને યાદ કરી આંસુ વહાવતા મંડપમાં બેઠા હતા. પણ અવંતિકા માત્ર થોડો સમય બેસી બીજા માથે જઇ એ.સી. રૂમમાં આરામ કરવા જતી રહી... ત્યારે પણ તેણે વાદળી જીન્સ અને બ્લેક ટી-શર્ટ પહેરેલા... એના માટે શોકની વ્યાખ્યા આટલી જ સિમિત હતી. પરિવારના એક માજીએ આવીને કહ્યું વહુ બેટા, સફેદ સાડી પહેરીને મંડપમાં બેસો, લોકો શોક વ્યક્ત કરવા આવી રહ્યા છે. મારા દીકરાનું બેસણું છે. મરનારની તો મર્યાદા રાખો. ત્યારે અવંતિકાએ જે શબ્દો કહ્યા તેનાથી માજીના દિલ પર જાણે કરવત ફરી ગઇ... તે બોલી, તમારો દીકરો મરી ગયો એમાં હું શું કરું? મેં એને મારી નાખ્યો નથી ને? એણે મને શું સુખ આપ્યું છે કે મને દુઃખ થાય. આ તો મારા દીકરાને ખાતર જ અહીં આવી છું. પિતાની યાદમાં તે નર્વસ થઇ ગયો છે. બાકી પરિમલ પ્રત્યે મને જરાય લાગણી નથી. માજી ઝડપથી પાછા વળી ગયા. તેમને થયું દીકરાના શોકમાં કયાંક મારૂં હૃદય ધબકારો ચૂકી ન જાય... અને અવંતિકાએ બારણું અંદરથી બંધ કરી સુઇ ગઇ...

મંડપમાં વડીલો ચર્ચા કરતા હતા પારકી જાતિની એ પારકી જાતિની... એને સમાજની શી પડી હોય...?

# બનાવટી એન્કાઉન્ટરને રોકવા સુપ્રિમ કોર્ટની ઐતિહાસીક દિશા નિર્દેશ સીઆરપીસી કલમ ૧૭૬ મુજબ તપાસ થશે

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



સુપ્રિમ કોર્ટે દેશના દરેક એકાઉન્ટરની તપાસ કરવા સ્વતંત્ર એજન્સીની નિમણુંક કરવા માટેના દિશા નિર્દેશ જારી કરેલ છે.

બનાવટી એન્કાઉન્ટરને રોકવાની દિશામાં એક મોટી પહેલ કરીને જીરો ટોલટન્સ નિતિ સ્વીકારવી જોઈએ તેમ જણાવ્યું છે દરેક એકાઉન્ટરની તપાસ સ્વતંત્ર તપાસ એજન્સી દ્વારા કરવામાં આવશે અને આવા એન્કાઉન્ટરોમાં સામેલ તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓને તપાસ પૂર્ણ ના થાય ત્યાં સુધી કોઈ જ પ્રમોશન આપવા કે વિરતા એવોર્ડથી સન્માનવામાં રોક લગાવવામાં આવી છે.

સી.પી.સી.ની કલમ ૧૭૬ મુજબ દરેક એન્કાઉન્ટરની મેજીસ્ટ્રેટ મારફત ફરજીયાત તપાસ કરવામાં આવશે.

પોલીસ અધિકારીઓએ અપરાધીઓની દરેક માહિતીનું રેકોર્ડ કરાવવી પડશે સાથે સાથે દરેક એન્કાઉન્ટર બાદ પોતાના હથીયારો અને ગોળીઓ તથા ખાલી કરેલ કારતુસો જમા કરાવવા પડશે જેની ફોરેન્સીક લેબોરેટરી દ્વારા અલગથી તપાસ કરવામાં આવશે બનાવટી એન્કાઉન્ટરને રોકવા આ મહત્વના પગલા તરીકે ગણવામાં આવે છે.




સુપ્રિમ કોર્ટે વધુમાં જણાવ્યું છે કે દરેક શકવર્તી ત્રાસવાદી હિલચાલ અંગે જો કોઈ માહિતી પોલીસ ખાતાને મળે તો તેને લેખીતમાં પહેલા નોંધવી પડશે મહત્વપૂર્ણ માહિતી આપ્યા વગર તેમને પકડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરવી પડશે જો કોઈ એન્કાઉન્ટરમાં કોઈનું મૃત્યુ થાય છે તો પોલીસને તરત જ એફઆરઆઈ દાખલ કરવી પડશે સાથે સાથે વિસ્તારને લઈ અધિકારીક્ષેત્ર મામલે કોર્ટને નકલ આપવી પડશે.

સુપ્રિમ કોર્ટે માર્ગદર્શીકામાં જણાવ્યું છે કે એન્કાઉન્ટરમાં મૃત્યુના મામલામાં તપાસ જુદા જુદા પોલીસ જીલ્લામાંથી એસપી રેન્કના અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવશે જે પોલીસ ટીમના અધિકારી અગાઉ એન્કાઉન્ટરમાં મૃત્યુ માટે જવાબદાર છે તે તપાસ કરી શકશે નહિ કોર્ટે એમ પણ જણાવ્યું છે કે એકાઉન્ટરના મૃત્યુમાં સામેલ પોલીસ અધિકારીઓને જયાં સુધી તપાસ ચાલે ત્યાં સુધી પ્રમોશન આપવામાં આવશે નહિ અને તપાસ પૂરી ના થાય ત્યાં સુધી આવા પોલીસ અધિકારીઓને વિરતા એવોર્ડથી પણ સન્માનવામાં આવશે નહિ.

એન્કાઉન્ટર મામલામાં તપાસ કરતી પોલીસને રાજય માનવ અધિકાર પંચ અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચને દર છ મહિનામાં તપાસનો અહેવાલ રજુ કરવો પડશે.

સુપ્રિમ કોર્ટના આ ચુકાદાથી પોલીસ બેડામાં નારાજગી છે તો સામે બાજુ ગુનેગારો તથા માનવ અધિકાર પંચ પોતાની જીત માને છે.

દેશમાં સોહરાબુદ્દીન શેખ ને તુલસીરામ પ્રજાપતિના બનાવટી કેસમાં ટોચના પોલીસ અધિકારીઓ જેલમાં છે આ કેસોની પણ સુપ્રિમ કોર્ટમાં સમીક્ષા કરવામાં આવી હતી અને બનાવટી એન્કાઉન્ટના કારણે રાજયની પોલીસની છબી ખરડાયી છે તેમજ ખોટા ગુનેગારો મૃત્યુને ભેટે તો તેવા સંજોગોમાં માનવ અધિકારનો ભંગ થાય છે સામાજીક સંસ્થાઓ તથા માનવ અધિકાર પંચના વડાએ પણ બનાવટી એન્કાઉન્ટરે વખોડી કાઢી માનવ વધ ગણેલ તથા આવા કેસોમાં દોષી પોલીસ અધિકારીને ફાંસીએ ચઢાવી દેવાની કાયદામાં જોગવાઈ કરવા ભારપૂર્વક જણાવ્યું છે.

સુપ્રિમ કોર્ટના આ મહત્વના નિર્દેશથી સ્વતંત્ર તપાસ એજન્સીની નિમણુંકથી પોલીસ દ્વારા થતા બનાવટી એન્કાઉન્ટરમાં ઘટાડો નોંધાશે તે ચોક્કસ વાત છે અને એન્કાઉન્ટરના નામે થતો માનવ વધ અટકશે.

# બીજા બધા મને જોવા આવે છે તે બધા જ જતાં જતાં કંઇ પણ કામ હોય તો કહેજો એવું કંઇ છૂટા પડે છે, જયારે મોટાભાઇ - ભાભી કશું બોલ્યા સિવાય રવાના થઇ ગયા હતા

## વહેમનાં વાદળ

## લઘુનવલ

**- નિરંજન ઓઝા**

ભાવનગર જીલ્લાના શિહોર તાલુકાના વાલમ ગામમાં શંકરાભાઇ તેમના બે દીકરા શાંતી અને રમણ સાથે રહે છે. ગામમાં પોતાની જમીન હોવાથી, ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરે છે, જયારે રહેવા માટે નાનું એવું ઘર છે. મોટો દીકરો શાંતી ભણવામાં થોડો રસ લે છે. જયારે નાનો દીકરો રમણ ભણવામાં નબળો છે. પરંતુ રમત-ગમ્મતમાં આગળ છે. મોટા દીકરા શાંતીએ બી.એ. પુરૂ કર્યા પછી ગામમાં જ નાનો એવો શેરના લીધા-દીધાનો ધંધો કરે છે. જયારે નાનો રમણ, ૧૨મું પાસ કર્યા પછી ભાવનગર શહેરમાં ગાંધીસ્મૃતિ પાસે આવેલ આનંદ શ્રોફની કંપનીમાં સર્વીસ શરૂ કરે છે. થોડા સમય પછી શાંતિ તથા રમણનો લંગોટીઓ જવંલત પણ રમણ સાથે સર્વીસમાં જોડાય છે.

સમય પસાર થતો જાય છે. બંને ભાઇઓનાં લગ્ન પર લેવાય છે અને આજકાલ કરતાં રમણ હવે રમણલાલ, પંદર વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા પૂર્ણ કરે છે. એક દિવસ ઓફિસમાં કામને લીધે, ઘરે જવામાં મોડું થાય છે. રાત્રીના સમયે ત્યારે વરસાદનો માહોલ છે ત્યારે રમણલાલને ઘરે પાછા ફરતાં ટ્રકે હડફેટમાં લેતા અકસ્માત થાય છે, ટ્રક ડાઇવર ભાગી જાય છે પરંતુ રસ્તે ચાલતાં રાહદારીઓ રમણલાલને નજીકમાં દાખલ કરે છે. રમણલાલ આમ બીજી બધી રીતે સ્વસ્થ હોવાથી, પોતાને અકસ્માત થયાની જાણ ફોન દ્વારા પોતાની પત્ની/પુત્રને કરે છે જે સત્વરે દવાખાને આવી, રાત્રી રોકાણ કરે છે.

બીજે દિવસે રમણલાલને થયેલ અકસ્માતની જાણ ઓફિસમાં થાય છે તેથી રમણલાલને જોવા આવવાનું આવન-જાવન શરૂ થાય છે. રમણલાલને ચોક્કસ ખાતરી છે કે તેમનો જીગરી દોસ્ત જવલંત, નિરાંતે બેસી શકાય તેથી ઓફીસ છૂટ્યા પછી જ આવશે અને તે મુજબ, જવલંત ઓફિસ છૂટ્યા પછી રમણલાલને મળવા આવે છે. પુત્રને થોડો ફ્રેશ થવા બહાર જવાનું રમણલાલ કહે છે કે જેથી જ્વલંત સાથે પેટછૂટી વાતો કરી શકાય.

આમ તક મળતા રમણલાલ તેના મિત્ર જવલંતને જણાવે છે કે પગમાં અંગુઠે, પાનીએ વિગેરે સ્થળે ઇજા થઇ છે તેથી ઓપરેશન કરવું જરૂરી છે. નહિતર ચાલવામાં મુશ્કેલી રહેશે તેમજ ઓપરેશન અંદાજી ખર્ચ આશરે 30 થી ૪૦ હજાર જેટલો થાય તેમ છે તેવું ડોકટર વોરા સાહેબ જણાવતાં હતા તેથી તારે આટલી રકમની વ્યવસ્થા કરવી પડશે. મેં તો ક્રેડીટ સોસાયટીમાંથી લોન લીધી છે. તેથી મને લોન મળી શકે તેમ નથી પરંતુ તે લોન લીધી નથી તેથી મારા ખાતર લોન લેજે પછી આપણે સમજી લઇશું. આટલું કહી રમણલાલ અટકે છે જયારે જવલંત સાંભળીયા પછી રમણલાલને કહે છે કે,

તારા મોટાભાઇને કેમ વાત કરતો નથી? તે સક્ષમ છે, આ સાંભળી રમણલાલ પોતાની ભાષામાં જણાવે છે કે મારા મોટાભાઇ પહેલાં આવા નો'તા. ભાભી આવ્યા પછી બદલાઇ ગયા છે. ભાભી કહે તેટલું જ બોલે છે અને એટલું જ પાણી પીવે છે. ગઇકાલે મને જોવા આવ્યા હતા ત્યારે કશું જ બોલ્યા સિવાય લૌકિક દૃષ્ટિએ આવ્યા હતા. અને દસ જ મીનીટ બેઠા પછી ચાલતી પકડી. મનમાં બીક હશે કે પાછો માંગશો તો? પરંતુ હું તો વટનો કટકો છું તેની પાસે હવે આશા રખાઇ નહિ.

બીજા બધા મને જોવા આવે છે તે બધા જ જતાં જતાં કંઇ પણ કામ હોય તો કહેજો એવું કંઇ છૂટા પડે છે. જયારે મોટાભાઇ - ભાભી કશું બોલ્યા સિવાય રવાના થઇ ગયા હતા. આગળ બોલતાં રમણલાલ કહે છે કે મને ખબર છે કે મેં ગામ છોડ્યું પછી તેઓ પિતાજી સાથે રહેતા હતા, મેં એટલું પણ સાંભળ્યું છે કે પિતાજીના અવશાન પહેલાં પિતાજીને ફોસલાવીને કાગળો પર સહીઓ કરાવી લીધી હતી અને ઘર પોતાના નામે કરાવી લીધુ છે મને એક પાઇ પણ આપી નથી તો તું જ કહે મોટાભાઇ પાસેથી શી આશા રાખી શકાય?

આ સાંભળી જવલંત કંઇ બોલ્યો નહીં એટલું કહ્યું કે જોઇશ, આમ જવલંત છૂટો પડે છે. જવલંતને ઘરે પહોંચતા મોડું થયું હતું કારણ કે ધીમે ધીમે વરસાદ વરસી રહ્યો હતો. ઘરે પહોંચી જમ્યા પચી ટી.વી જોવા બેઠો હતો. ત્યાં ડોરબેલ રણકે છે ઊભો થઇ બારણું ખોલતાં, વરસાદને લીધે ભીના થયેલી હાલતમાં શાંતીલાલ તથા તેમના પત્નીને બારણામાં ઉભેલા જૂએ છે. આશ્ચર્ય થાય છે પરંતુ અંદર આવતા આવકારે છે, થોડીવાર પછી શાંતીલાલ બોલતાં નથી પરંતુ તેમના પત્ની કહે છે કે જવલંતભાઇ તમે તો બંને ભાઇઓના સ્વભાવથી પરિચિત છો કારણ કે નાનપણથી જ સાથે મોટા થયા છો. વરસાદમાં મોડીરાત્રે તમારે ત્યાં આવવાથી તમને આશ્ચર્ય જરૂર થયું હશે પરંતુ અમારા આવવાનું પ્રયોજન એટલું જ છે કે રમણભાઇને અકસ્માત થયો છે તેનું અમને દુઃખ છે. તેઓ ખૂબ જ અભિમાની અને પોતાને કંઇને કંઇ શું સમજે છે અમે સમજી શકતા નથી. વટનો કટકો બંને જણા છે અમારાં માટે ખોટી અફવા ફેલાવે છે કે પિતાજીને ફોસલાવી, સહીઓ કરાવી, ઘર અમારે નામે કરાવી દીધું છે પરંતુ એવું કશું જ અમે કર્યું જ નથી. ઘર હજુ એ જ સ્થિતિમાં જ છે. અમને તેમના પરિવાર માટે ખૂબ જ દુઃખ થાય છે તેથી મદદ કરવા, અમારી પાસે છે જે તેમાંથી થોડાં એટલે કે એક લાખ જેવી રકમ અમે લઇ આવ્યા છીએ જે તમને પહોંચાડજો. અમે આપ્યા છે તે જાણશે તો લેશે નહિ તેથી તમે જ વ્યવસ્થા કરી છે તેમ તેને કહેજો. મોટાભાઇ - ભાભી તરીકે અમારી ફરજ છે. તેમ સમજજો. પૈસા મોડા-વહેલાં મળે તેની અમને ચિંતા નથી પરંતુ તેના મનમાં અમારાં માટે જે વહેમ છે તે ખોટો છે અને દૂર થવો જોઇએ. આમ કહી બંને જણા પ્રસ્થાન કરે છે જેને જોઇ જવલંત, રમણલાલના મનમાં મોટાભાઇ-ભાભી માટે 'વહેમના વાદળ' વિશે વિચારતો જ રહ્યો?